**પરીપત્ર**

**વિષય : એમ.ડી./એમ.એસ. મેડીકલ કોર્ષના એનરોલમેન્ટ તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (PEC) અંગેના ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવા બાબત.**

સંદર્ભ: (૧) ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૪૨/૨૦૨૬, તા. ૦૪/૦૫/૨૦૨૬
(૨) ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૪૩/૨૦૨૬, તા. ૦૪/૦૫/૨૦૨૬
(૩) ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૪૪/૨૦૨૬, તા. ૦૪/૦૫/૨૦૨૬
(૪) ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૪૫/૨૦૨૬, તા. ૦૪/૦૫/૨૦૨૬
(૫) ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૪૬/૨૦૨૬, તા. ૦૪/૦૫/૨૦૨૬

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ કોલેજના ડીનશ્રીઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માં **PG (M.D.,M.S.)** કોર્ષના એનરોલમેન્ટ તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ અંગેના ફોર્મ સ્વીકારવા અંગેની તારીખ નીચે મુજબ રહેશે. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | એનરોલમેન્ટ | રેગ્યુલર ફી સાથે રૂ.૪૦૦/- | લેઇટ ફી સાથે (રૂ.૪૦૦+ રૂ.૫૦૦) રૂ.૯૦૦/- | દંડાત્મક ફી સાથે (રૂ.૪૦૦+ રૂ.૫૦૦+ રૂ.૧૫૦૦) રૂ.૨૪૦૦/- |
| | | તા.૦૬/૦૫/૨૦૨૬ થી તા.૦૭/૦૫/૨૦૨૬ | તા.૦૮/૦૫/૨૦૨૬ | તા.૦૯/૦૫/૨૦૨૬ |
| ૨. | પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ | રેગ્યુલર ફી સાથે રૂ.૧૫૦/- | લેઇટ ફી સાથે રૂ.૬૫૦/- | દંડાત્મક ફી સાથે રૂ.૨૧૫૦/- |
| | | તા.૦૫/૦૫/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ | તા.૦૭/૦૫/૨૦૨૬ | તા.૦૮/૦૫/૨૦૨૬ |

ખાસ નોંધ

- નવા એનરોલમેન્ટ થયેલા વિદ્યાર્થીઓના થેલેસેમીયા ટેસ્ટ પરીક્ષા ફોર્મ જમા કરતી વખતે રજુ કરવાના રહેશે.
- ઉપર્યુક્ત તારીખ પૂર્ણ થયા બાદ એનરોલમેન્ટ તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (PEC) અંગેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

યુનિવર્સિટી ખાતે રજુ રાખવાની ફી તેમજ જરૂરી આધાર પુરાવા:

દરેક વિદ્યાર્થી દીઠ એનરોલમેન્ટ ફી

- એનરોલમેન્ટ ફી રૂ.૪૦૦/-
- યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફી રૂ.૨૦૦/-
- સ્પોર્ટ્સ ફી રૂ.૭૦/-
- કલ્ચરલ એક્ટીવીટી ફી રૂ.૭૦/-

- દરેક એનરોલમેન્ટ ફોર્મ સાથે વિદ્યાર્થીનું લીવીંગ સર્ટીફીકેટ, અંતિમ પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ, ધો. ૧૦ ની માર્કશીટ, NEET/ GUJCET ની માર્કશીટ (જેને લાગુ પડતું હોય તેને), એડમિશન મેમો, આધારકાર્ડની ઝેરોક્ષ, જાતીનો દાખલો તેમજ અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ P.E.C. ની એક-એક નકલ જોડવી.
- એનરોલમેન્ટ ફોર્મ ૩૦ નું બંચ બનાવવું (ફોર્મ નંબરને આધારે ગોઠવણી કરવાની રહેશે.)
- અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ ફોર્મ ની એન્ટ્રી કરતી વખતે P.E.C. નંબર તેમજ P.E.C. તારીખ ફરજીયાત એન્ટર કરવાની રહેશે, અન્યથા તેવા વિદ્યાર્થીઓની P.E.C. ની ક્વેરી જનરેટ કરવામાં આવશે.
- જે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન ગેપ હોય તેવા વિદ્યાર્થીએ ૫૦/- રૂપીયાના નોટરી કરાવેલ સ્ટેમ્પ પર સોગંદનામું કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી લઈને એનરોલમેન્ટ ફોર્મ સાથે જોડી યુનિવર્સિટી ખાતે ઓરીજનલ કોપી જમાં કરવાની રહેશે.
- કોલેજ ના લેટરપેડ ઉપર કોર્ષ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ફીની રકમ સ્પષ્ટ દર્શાવવી તેમજ ચાલુ કામકાજનાં દિવસ ૨ (બે) માં ફરજીયાત પણે એનરોલમેન્ટ્ના ફોર્મ, ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાનો રહેશે.
- બીજુ, ત્રીજુ અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓની સ્પોર્ટ્સ અને કલ્ચર ફી પરીક્ષા ફોર્મ સાથે પ્રતિવર્ષ પ્રતિ વિદ્યાર્થીદીઠ ભરવાની રહેશે
- એનરોલમેન્ટ ફોર્મ જમાં કરાવતી વખતે કોલેજે એડ્મિશન કમીટી રીપોર્ટ તેમજ જે કોટા પ્રમાણે એડમીશન મળેલ હોય તેનુ લિસ્ટ જમાં કરાવવાનું રહેશે..
- ડીમાન્ડ ડ્રાફ્ટ **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"** ના નામનો કઢાવવાનો રહેશે.

**ખાસ નોંધ : એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટેની માર્ગદર્શિકા**

**બાહેંધરી પત્રક**

વિદ્યાર્થીઓએ ફોર્મમાં ભરેલ વિગત અને ધોરણ ૧૨ ની માર્કશીટ પ્રમાણે જ ઓનલાઇન એન્ટ્રી કરેલ છે, જે અમોએ ચકાસેલ છે. ઓનલાઇન એન્ટ્રી ખોટી હશે તો જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટ અને ફોટો ચેકલીસ્ટ સાથે ચેક કરેલ છે. ફોર્મમાં વિદ્યાર્થીઓનો ફોટો અપલોડ કરેલ છે. ખોટો ફોટો અપલોડ કરેલ હશે તો માર્કશીટમાં કોલેજ/સંસ્થા દ્વારા યુનિવર્સિટીના નિયમાનુસાર દંડ ભરી સુધારા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

**ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૯૪૬/૨૦૨૬, તા. ૦૫/૦૫/૨૦૨૬**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263

પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ મેડીકલ કોલેજના ડીનશ્રીઓ તરફ....

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઈ.ટી. સેલ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(૩) હિસાબી શાખા (યોગ્ય કાર્યવાહી અર્થે)
(૪) એફીલેશન વિભાગ (P.E.C.)